


## સલામી સવારની..

*આ સરકારની નોટો હવે ક્યાંક ચાલતી નથી!*
*ને મધ્યમ માણસની મતિ ક્યાંક ચાલતી નથી!*
*થતી ન યુક્તિ કારગત બેનંબરી સામે*
*પૂછે પ્રશ્નો પ્રજાને નેતાની જીભ ચાલતી નથી!*

### હાઈકુ

*બિછાવી હતી,*
*જાળ વિપક્ષ માટે -*
*ફસાયા ખૂદ!*

*અટવાયા છે!*
*'નવી' ને 'જૂની' વચ્ચે!*
*'સંસાર' દુ:ખી!*

### ચિંતન

*સત્યેન રક્ષ્યતે ધર્મો વિદ્યા યોગેન રક્ષ્યતે ।*
*મૃજયા રક્ષ્યતે રૂપં કુલં વૃત્તેન રક્ષ્યતે ॥*

આ શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

સત્યથી ધર્મનું રક્ષણ થાય છે, અભ્યાસ(યોગ)થી વિદ્યાનું રક્ષણ થાય છે, સફાઈથી સૌંદર્યનું રક્ષણ થાય છે તથા સદ્‌વર્તનથી કુળની રક્ષઆ થાય છે.

માણસનું આચરણ-સદાચારપૂર્ણ હોય તો માત્ર તેનું પોતાનું જ વ્યક્તિત્વ નિખરે છે એવું નથી પણ સંપૂર્ણ કુળને અજવાળે છે. કુળની રક્ષા થાય છે.

સ્વસ્થતાથી સૌંદર્યનું રક્ષણ થાય છે. આજે રાષ્ટ્રને 'સ્વચ્છતા'નું મહત્ત્વ સમજાયું છે.

સ્વાધ્યાય અને અભ્યાસ દ્વારા શીખેલી કોઈ પણ વિદ્યા સચવાય છે.

... અને 'સત્ય'થી ધર્મનું રક્ષણ થાય છે.

### સુવિચાર

- તેરા સાહબ હૈ ઘર માંહી, બાહર નૈના કયું ખોલે - **રાબિયા**
- બધા જ પ્રકારની લાલસા વિરમી ગઈ હોય એવી સાદાઈમાં જ ઈશ્વરની કૃપા પ્રાપ્ત થાય છે - **જનકલ્યાણ**
- જેમ સૂર્ય તરફ વળવું એ સૂર્યમુખીના ફૂલનો સહજ સ્વભાવ છે, તેમ દિવ્ય સત્ય તરફ વળવું એ જીવનનો ચૈત્યપુરુષનો સહજ સ્વભાવ છે - **અરવિંદ**
- સત્ય શાસ્ત્રમાં નહિ પણ અનુભવમાં વસે છે - **વિનોબા**
- હું મૂર્ખ છું એવું જો જાણું તો તે જ્ઞાનનું આરંભબિંદુ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રસિદ્ધિ અને રિદ્ધિ એ બેમાંથી એકેય સિદ્ધિનું સાચું માપ નથી - **ફુલછાબ**
- આપનાર મેળવે છે, લેનાર ગુમાવે છે - **સુધા મૂર્તિ**
- આજનું ઔષધ : ગાલપચોળીયા ઉપર હળદર, કાળી જીરી અને મીઠું સરખે ભાગે લઈ લેપ કરવાથી રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ ભક્તો ભગવાનમાં ધનિક મંદિરોમાં સોનાનાં સિંહાસન, હીરા-માણેક, સોના-ચાંદીની પાટો ચઢાવે ભગવાનને પણ પૈસા-ધનની 'લોભાવવા' ઈચ્છે છે.

એક શેઠ મંદિરમાં હીરા-મોદીનો મોટો થાળ લઈ ભગવાનને ભેટ ધરી ખિસ્સામાંથી કાગળ કાઢી માગણી-ઈચ્છાઓ સાથે દુશ્મનોને સજા કરવાની પણ 'મુદત બાંધી'ને પ્રાર્થના કરી - કહ્યું આવતી પૂનમે આટલું થઈ જવું જોઈએ!

બાજુમાં એક લઘરવગર ભક્ત દાનપેટીમાં એકાદ નોટ સરકાવી બોલ્યો ભગવાન! ભલે મારી પાસે ધન સુખસાહ્યબી નથી પણ તું મારા પરિવારનો જે રીતે નિભાવ કરે છે એમાં મને ખૂબ જ સંતોષ છે તારી કૃપાનો હું પગલે પગલે અનુભવ કરું છું ભગવાન! બસ આવી જ દયા મારા પર વરસાવતો રહેજે!

શેઠ મૂંઝાયો - મેં આટલું દાન કર્યું છતાં મને આવો સંતોષ ભગવાને કદી દીધો નથી અને આ ગરીબને આટલું બધું સુખ કેમ? સંત પાસે ગયો - સમસ્યા રજૂ કરી.

સંત કહે - શેઠ! તમે ભગવાનને તમારો ગુમાસ્તો સમજો છો - એ ધન દોલતથી ખરીદાતો નથી - ભગવાન તો ભાવ અને ભક્તિનો ભૂખ્યો છે. આવા ભક્તોના હૃદયમાં જ સંતોષ અને સુખના ઝરણાં વહે છે.

# ઈમાનદાર અર્થશાસ્ત્રીનો પુણ્યપ્રકોપ કે અરણ્ય રૂદન

**તંત્રીસ્થાનેથી...**

બીજા નેતાઓ અને પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ વચ્ચે પાયાનો ફરક છે. મનમોહનસિંહ નેતા કરતાં વધારે અર્થશાસ્ત્રી છે. એમની આ ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને લીધે જ પી.વી. નરસિંહરાવે એમને નાણાંમંત્રી બનાવ્યા હતા અને તે પણ કોઈ જાતની રાજકીય કનડગત નહીં થાય એવી શરતે. ભારતીય અર્થતંત્રને પાટા ઉપર લાવવામાં ડૉ. મનમોહનસિંહનું ઐતિહાસિક યોગદાન છે, જેની કદર કરીને ભાજપના વડપણવાળી અટલ સરકારે સામેથી મનમોહનને નાણાંમંત્રી તરીકે જોડાવા નિમંત્રણ પાઠવ્યું. રાજ્યસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં ડૉ. મનમોહનસિંહે નોટબંધીના પગલાં વિશે જે નુક્તેચીની કરી એમાં પણ રાજકારણની જગ્યાએ અર્થકારણની જ ઊંડી સૂઝ પ્રદર્શિત થઈ છે. એમણે નોટબંધી દ્વારા કાળાં નાણાં નાથવાના વડાપ્રધાનના ઈરાદાને ખોટો નથી ગણાવ્યો, પરંતુ જે રીતે એનું અમલીકરણ કરાઈ રહ્યું છે એમાં નરી લાલિયાવાડી ચાલી છે અને સૌથી વધુ સહન કરવાનું ગરીબોના ભાગે જ આવ્યું ચે. આવી અરાજકતા સામે ડૉ. મનમોહનસિંહ જેવા શાલીન નેતાને પણ 'ઓર્ગેનાઈઝ્ડ સરકારી લૂંટ' જેવો શબ્દ પ્રયોગ કરવો પડ્યો છે. પ્રજાને બેંકોમાં પડેલા પોતાના પૈસા ઉપાડવાની છૂટ ન હોય એવો કોઈ દેશ તો બતાવો! ડૉ. મનમોહનસિંહના આ પુણ્યપ્રકોપમાં દેશની પ્રજાની પીડા પ્રતિબિંબિત થાય છે. એક તરફ વર્તમાન વડાપ્રધાન પોતાની એપ દ્વારા પોતાની પીઠ થપથપાવી રહ્યા છે, જ્યારે મનમોહનસિંહ એમના સુદીર્ઘ નાણાકીય વહીવટ અને અર્થકારણના અભ્યાસના આધારે આગાહી કરે છે કે આ અવિચારી પગલાથી દેશનાં જીડીપીમાં ઓછામાં ઓછાં બે ટકાનો ઘટાડો નોંધાશે. વડાપ્રધાને પચાસ દિવસ સુધી ખમી ખાવાની અપીલ કરી છે. પરંત પચાસ દિવસ ગરીબો માટે કામધંધા વગર પસાર કરવા દોહ્યલા છે. ડૉ. મનમોહનસિંહે એમના શાસનકાળમાં કાળાં નાણાં સામે આંખ મિંચામણાં ન કર્યાં હોત તો કદાચ આજે નરેન્દ્ર મોદીને આવું કઠોર પગલું ભરવાની જરુર ન પડી હોત. વર્તમાન નાણાંમંત્રી જેટલીએ જ મોરચો સંભાળ્યો અને ડૉ. મનમોહનસિંહના કાર્યકાળ દરમિયાન જ સૌથી વધુ કાળાં નાણાંનો વહેવાર થયો હોવાનો આક્ષેપ કર્યો. મનમોહન સામે અંગત રીતે કોઈ આંગળી ચીંધી શકે એમ નથી, પણ ગઠબંધન રાજનીતિની મર્યાદાઓ એમને નમાલા વડાપ્રધાન સાબિત કરતી રહી અને સરદારજી એમની નજર સામે ભ્રષ્ટાચાર થતો જોતા રહ્યા બલકે છાવરતા રહ્યા જેના પરિણામે નરેન્દ્ર મોદી જેવા કોરી સ્લેટ ધરાવતા બોલકા નતાને વ્યાપક લોકસ્વીકૃતિ સાંપડી શકી. હવે જે પરિસ્થિતિ સરજાઈ છે એમાં એક તરફ મોદીની સ્વચ્છ ઈમેજ દાવ પર છે, કારણ કે નોટબંધીની નિર્ણય પાછળ રાહુલ ગાંધી અને કેજરીવાલથી લઈ મમતા અને માયાવતી સહિતના વિપક્ષી નેતાઓને મસમોટું કૌભાંડ હોવાની ગંધ આવે છે. આ કૌભાંડનો પર્દાફાશ કરવાની કે એનાં સબૂત રજૂ કરવાની પણ કેજરીવાલ જેવા આગેવાનો પેરવી કરવાનાં. હાલ તો કોંગ્રેસની આગેવાની હેઠળ બધા વિપક્ષો એકી અવાજે સંસદ ઠપ્પ કરી રહ્યા છે અને ૨૮મી તારીખે ભારતબંધની તૈયારીમાં પડ્યા છે. પ્રજાને વિપક્ષના હોબાળાથી કશો લાભ નથી થવાનો એની ખાતરી થઈ ગઈ છે. એ પોતાની સમસ્યાઓનો પોતે જ ઉકેલ આણવા મથી રહી છે. એમાં બિલ્ડરોથી લઈ મજૂરો સુધીની બહુ મોટી રેન્જ આવી જાય છે - જે જાણે છે કે જે વિકટ પરિસ્થિતિ સરજાવા પામી છે તેનો હાથવગો ઉકેલ છે જ નહીં. ચૂંટણી વખતે આ જ પ્રજા પાછી 'મેળ કરવતિયા મોદીના મોદી' નહીં જ કરે એની કોઈ ખાતરી ખરી?

# ગાંધીજી માનતા કે જે ઓછામાં ઓછું શાસન કરે તે સર્વોત્તમ સરકાર

મહાત્મા ગાંધીના મતે સમાનતા સ્થૂળ વિચારની નિસ્બત નથી પરંતુ સમાનતાને વ્યાપક વિચાર વિસ્તાર સાથે જોડાયેલી છે. 'સમાનતા'ના સંદર્ભેનો ગાંધી વિચાર આજના 'નોટબંધી'ના સમયમાં જાણવા જેવો છે.

ગાંધી કહેતા સમાજની મારી કલ્પના એ છે કે આપણે બધા સરખા જન્મેલા છીએ, એટલે કે આપણને સરખી તક મેળવવાનો અધિકાર છે, છતાં સૌની શક્તિ સરખી નથી. એ વસ્તુ સ્વભાવતઃ જ અશક્ય છે. દાખલા તરીકે સૌની ઊંચાઈ, રંગ કે બુદ્ધિ સરખી ન હોઈ શકે. એટલે કુદરતી રીતે કેટલાકની શક્તિ વધારે કમાવાની હશે અને કેટલાકની ઓછું કમાવાની. બુદ્ધિશાળી માણસોની શક્તિ વધારે હશે, અને તેઓ પોતાની બુદ્ધિનો ઉપયોગ એ માટે કરશે. તેઓ જો રહેમ રાખીને બુદ્ધિ વાપરશે તો તેઓ રાષ્ટ્રની સેવા કરશે. એવાં લોકો રક્ષ તરીકે જ રહી શકશે, બીજી કોઈ રીતે નહીં. આખી વાત બધુ સરળ સમજાવતાં ગાંધી કહે છે, 'હું બુદ્ધિશાળીના બુદ્ધિના વિકાસને રોકું નહીં, પણ જેમ બાપના બધા કમાતા દીકરાની આવક કુટુંબના સહિયારા ખાતામાં જમા થાય છે. તેમ એમની વધારે કમાણીનો મોટો ભાગ રાષ્ટ્રના હિત માટે વાપરવો જોઈએ. તેઓ પોતાની કમાણી રક્ષક તરીકે જ રાખી શકે.'


> જેને પહોળાઈ નથી તે લીટી. ગાંધીની ગેરહાજરીમાં દોરવી અશક્ય.

ગાંધી કહે છે આર્થિક સમાનતા એટલે જગતના બધા મનુષ્યો પાસે એક સરખી સંપત્તિનું હોવાપણું, એટલે કે સહુની પાસે પોતાની કુદરતી આવશ્યકતા પૂરતી સંપત્તિનું હોવું. કુદરતે જે એક માણસને નાજુક હોજરી આપી હોય ને તે પાંચ તોલા આટો જ ખાઈ શકે અને બીજાને વીસ તોલા જોઈએ, તો બંનેને પોતપોતાની હોજરી પ્રમાણે આટો મળવો જોઈએ. બધા સમાજનું ઘડતર આ આદર્શને અવલંબીને થવું જોઈએ.

અહિંસક સમાજને આના સિવાય બીજો આદર્શ ન પાલવે એમ સમજાવતા ગાંધી પાછું એ પણ સમજણપૂર્વક કહે છે 'છેક આદર્શને આપણે કદી નહીં પહોંચીએ.' પણ એને નજરમાં રાખીને આપણે બંધારણો રચીએ ને વ્યવસ્થા કરવી જોઈએ. જેટલે અંશે આપણે આદર્શને પહોંચીએ એટલે જ અંશે આપણે સુખ અને સંતોષ પામીએ. એટલે જ અંશે આપણે સામાજિક અહિંસા સિદ્ધ કરી કહેવાય એમ તેઓ વ્યક્ત થાય છે.

ગ્રામ સ્વરાજ (સંકલન : હરિપ્રસાદ વ્યાસ) પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રીમન્નારાયણે એક સરસ મજાની વાત લખી છે. તેઓ કહે છે, ગાંધીજીએ ગ્રામ સ્વરાજના ચિત્રની જે કલ્પના કરી છે તે પ્રાચીન ગ્રામ પંચાયતોને પુનર્જીવિત કરવાની નહીં, પણ આધુનિક જગતના સંદર્ભમાં સ્વરાજના નાનાં-નાનાં સ્વતંત્ર ગ્રામ એકલોનો નવસર્જનની છે. ગ્રામ સ્વરાજ એ રાજકારણ, અર્થશાસ્ત્ર અને સમાજકારણનાં ક્ષેત્રોમાં અહિંસાનું પ્રગટ સ્વરુપ છે.

ગાંધીજીના મત મુજબ આદર્શ સમાજ એ રાજસત્તાવિહીન લોકતંત્ર છે, પ્રબુદ્ધ શાસનમુક્તિની સ્થિતિ છે, જેમાં સમાજજીવન એટલી પરિપૂર્ણતાએ પહોંચે છે કે તે આત્મનિયંત્રિત હોય છે. 'આદર્શ સ્થિતિમાં રાજકીય સત્તા જ નથી હોતી, કારણ કે ત્યાં રાજય જ નથી હોતું.'




મહાત્મા ગાંધીએ નવજીવન, હરિજનબંધુ ઈત્યાદિ સાપ્તાહિકો અને પુસ્તકોમાં વખતોવખત જુદા જુદા વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ પૈકી 'ગ્રામ સ્વરાજ'ને લગતા લખાણોનું સંકલન કરીને શ્રી હરિપ્રસાદ વ્યાસે 'ગ્રામ સ્વરાજ' પુસ્તક તૈયાર કર્યું છે. એના આમુધમાં શ્રી શ્રીમન્નારાયણ ગાંધીઓ સ્વરાજ-ગ્રામ સ્વરાજનો વિચાર વ્યક્ત કરતાં લખે છે ગાંધીજી માનતા કે આદર્શની સંપૂર્ણ સિદ્ધિ અશક્ય છે. યુક્લિડની વ્યાખ્યા ટાંકતા તેઓ કહે છે, જેને પહોંળાઈ નથી, તે લીટી. પણ એ લીટી આજ સુધી કોઈ દોરી શક્યું નથી અને હવે પછી કોઈ દોરી શકવાનું નથી. ગાંધીની ગેરહાજરીમાં અશક્ય છે એવો ભાવ તેઓ વ્યક્ત કરતાં કહે છે, 'છતાં એવી લીટીનો આદર્શ ખ્યાલમાં રાખવાથી જ ભૂમિતિના જ્ઞાનમાં પ્રગતિ થઈ શકી છે. એ જ વાત દરેક આદર્શની બાબતમાં સાચી છે.' રાજનીતિના ક્ષેત્રમાં ગાંધીજીએ આપણને તેમની રાજસત્તાવિહીન લોકશાહીના આદર્શની કલ્પના નજીક પહોંચતું ગ્રામ સ્વરાજ આપ્યું. જે ઓછામાં ઓછું શાસન કરે તે સર્વોત્તમ સરકાર એમ ગાંધીજી માનતા હતા.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# દરબાર શ્રી ગોપાળદાસ : 'આપ તો કાળના પિતા!'

સૌરાષ્ટ્રના પોરબંદરમાં જન્મ ધારણ કરીને સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરનાર ગાંધીજી સૌરાષ્ટ્ર – ગુજરાતની અનેક ઉજળી ઘટનાઓ સાથે સંકળાયેલા છે. ગાંધીજીની કચ્છ – કાઠીયાવાડની મુલાકાતોનું અલગ ઐતિહાસિક મૂલ્ય છે. ૧૯૨૦ માં મહાત્મા ગાંધી ટિળક સ્વરાજ ફંડ માટે સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતે આવ્યા. ફંડ ઉઘરાવવા માટે ઝોળી ફેરવવાની ગાંધીજીની એક અલગ પધ્ધતિ હતી તે જ રીતે વઢવાણની તે સમયની સભામાં પણ ઝોળી ફેરવવામાં આવી. આ ઝોળીમાં કોઈએ પગમાં પહેરવાનો ભારેખમ સોનાનો તોડો (એક પ્રકારનું ઘરેણું) પણ અર્પણ કર્યો. તોડો આપનાર કોણ છે તેની પૂછપરછ ગાંધીજીએ કરતા સભાના એક છેડે દૂર બેઠેલા દરબાર સાહેબ શ્રી ગોપાલદાસ દેસાઈ નમ્રભાવે ઉભા થયા. કિંમતી વસ્તુનું યોગદાન અને તે પણ નિર્લેપ રહીને મૂંગા મોઢે કરનાર દરબાર સાહેબની ગાંધીજીએ પ્રશસ્તી કરી. ગાંધીયુગની આકાશગંગાના આવા સીતારાઓની પ્રતિભા વિશિષ્ટ હતી. સમર્પણભાવ જાણે કે તેમને સહેજે વરેલો હતો. એક રાજવી પરીવારમાં જન્મ લઈને રાજવી ઠાઠમાં રહેનારા આ મહામાનવે ગાંધીજીની હાકલ થકી જીવનમાં સંપૂર્ણ પરિવર્તન કર્યું. શ્રી નાનાભાઈ ભટ્ટે દરબાર સાહેબને જનક વિદેહી જેવા નિર્મોહી કહેલા છે તે સંપૂર્ણ યથાર્થ છે. દરબાર સાહેબને અમરેલી જીલ્લાનું ઢસા તથા સુરેન્દ્રનગરનું રાયસાંકળી ગામ વારસામાં મળેલા. આ નાના રાજયના રાજવી પણ મોટા ગજાના માનવીની પ્રજા વત્સલતા તથા દીર્ઘદ્રષ્ટિતા જોઈને અહોભાવ ઉપજે તે સ્વાભાવિક છે તેમણે પોતાના રાજય વિસ્તારમાં પુસ્તકાલય પ્રવૃત્તિ શરૂ કરી. ઉપરાંત બાળશિક્ષણના વિકાસ માટે ખાસ પગલાં લીધાં. તે સમયના માહોલમાં આવા પગલાં કોઈ રાજવી તરફથી લેવામાં આવે તો તે અસાધારણ ઘટના જ લેખાય. ખેડૂતને જમીનના માલીકી હકકો આપીને તેઓ ખરા અર્થમાં પ્રજાવત્સલ રાજવી બન્યા. કૃષ્ણકુમારસિંહજી (ભાવનગર) કે ભગવતસિંહજી (ગોંડલ) જેવા ધન્યનામ રાજવીઓની હરોળમાં મૂકી શકાય તેવા ક્રાંતદ્રષ્ટા રાજવી દરબાર સાહેબને ગણી શકાય. તેઓનું જ્યારે રાજતિલક થયું ત્યારે તેમણે પોતાની પ્રિય પ્રજાને વચન આપેલું કે રાજવી પરજ પ્રજાની સુખાકારીનો ભાર હોય છે. આ વાત કર્યા પછી તેમણે પોતાના કર્મ દ્વારા તેને પાળી બતાવી. ડીસેમ્બર માસમાં દરબાર સાહેબની જન્મજયંતિ (૧૯ ડીસેમ્બર-૧૮૮૯) આવે છે તે પાવન પ્રસંગે તેમની વિશેષ સ્મૃતિ અનેક લોકોનામનમાં થાય છે.

દરબાર સાહેબ વિનમ્રતા તથા સંસ્કારથી એક વ્યક્તિ વિશેષ જેવા લાગતા હતા. ગાંધીજીના પારસમણી સ્પર્શથી સ્વાતંત્રય સંગ્રામમાં ઝૂકાવી દીધું. પરિણામની કોઈ પરવા તેમના નિર્ધારમાં વચ્ચે આવી શકી નહીં. ૧૯૨૨ માં મુંબઈના અંગ્રેજ ગવર્નર રાજકોટ આવવાના હતા. અંગ્રેજ સત્તાધિશોએ પોતાની સત્તાનો પ્રભાવ ઊભો કરવા માટે રાજવીઓને બોલાવી દરબાર ભરવાની પ્રથા શરૂ કરી હતી. ઘણાં રાજવીઓ પણ આ બળુકી સત્તા તરફ પોતાનો આદરભાવ વ્યક્ત કરવા મને-કમને હાજર રહેતા હતા. દરબાર સાહેબે એજન્સીના નિમંત્રણનો અસ્વીકાર કર્યો. સત્યનિષ્ઠ તથા પોલાદી મનોબળ ધરાવતા આ રાજવીને ખબર હતી કે વિદેશી શાસકો આ બાબતનો પૂરો બદલો લેશે. પરંતુ સ્વમાનના ભોગે કોઈ સલામતી મેળવવાની મહેચ્છા તેમને ન હતી. પરિણામ ધાર્યા મુજબજ આવ્યું. બ્રિટીશ અમલદારોએ આ સ્વાતંત્ર્ય પ્રેમી રાજવીને પાઠ ભણાવવામાટે રાજ્યદ્રોહનો આરોપ ઘડી કાઢવામા આવ્યો. તેમનું રાજય ખાલસા કરવામાં આવ્યું. બ્રિટીશ અમલદારોને કદાચ એ વાતની પ્રતિતિ ન હતી કે દરબાર સાહેબનું સિંહાસન લોકહૃદયમાં હતું. ત્યાંથી તેમને કોણ હટાવી શકે ? દરબાર સાહેબ તેમના રાજયના એક ગામ રાયસાંકળી ગયા ત્યારે લોકોએ તેમના સામૈયા કરીને વધાવ્યા. બ્રિટીશ અધિકારીઓએ અયોગ્ય રીતે રાજય પરનું દેણું બતાવ્યું હતું તે પણ તેમણે કુટુંબની અંગત મિલકતો વેચીને ભરી દીધું હતું. આથી લોકજૂવાળના ઉત્સાહ તથા સમર્થનથી બ્રિટીશ સરકારના કબજામાં હતો તે પોતાના રાજમહેલમાં પ્રવેશ કરીને પોતાનું ગૌરવ પુનઃપ્રસ્થાપિત કર્યું. બ્રિટીશ શાસકો તેમના પ્રભાવ કે બળથી આ ગરીમાયુકત તથા લોકપ્રેરીત ઘટનાને કાયદા કે સત્તાના બળે અટકાવી શકયા નહી. દરબાર સાહેબનો ઝૂકાવ તો ગાંધીજી તરફ હતો. રાજ્યકર્તાનો ભપકો તેમને કદી આકર્ષી શક્યો નથી. આથી સરવાળે તેમણે સ્વેચ્છાથી સાદું આશ્રમવાસીનુ જીવન સ્વીકાર્યું. સ્વાતંત્રય ચળવળની અનેક ગતિવિધિઓમાં પ્રેરક તથા માર્ગદર્શક બન્યા. સરદાર સાહેબે તેમના પ્રવચનોમાં દરબાર ગોપાલદાસના આવા રાજવી ખમીરને બીરદાવેલું છે.




દરબાર સાહેબના ધર્મપત્નિ ભક્તિબાએ પણ પતિના કામમાં સંપૂર્ણ સહયોગ કર્યો. ભક્તિબા ગાંધી વિચારધારા મુજબ ખૂબ જ સાદગીપૂર્ણ જીવન જીવ્યા. ભક્તિબા આઝાદીની ચળવળમાં સક્રિય હતા અને જેલવાસ ભોગવ્યો હતો. આઝાદી મળ્યા પછી પણ આ ઓજસ્વી દંપતિએ સામાજીક-શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટે ઘણું કામ કર્યું. નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલય તેમજ રાજકોટમાં વલ્લભ વિદ્યાલયની સ્થાપના પાછળ તેઓની પ્રેરણા હતી. આજે જયારે આપણા કિશોરો-યુવાનો તેમના માટે જીવનમાં આદર્શ બની શકે તેવા 'રોલ મોડલ'ની શોધમાં હોય છે ત્યારે આપણા ઈતિહાસના આવા ઉજળા પાત્રો જરૂર પ્રેરણારૂપ બની શકે. સમાજ પાસેથી મેળવવા કરતાં સમાજને આપવા તરફ આવા વ્યક્તિ વિશેષ લોકોની નજર રહેતી હતી. શિક્ષણ તથા સામાજિક સદ્‌ભાવ એ તેમની અગ્રતાના વિષયો હતા. આ લોકો સંસ્થાઓ ઊભી કરનારા હતા. જે શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરવામાં દરબાર સાહેબનો સિંહફાળો હતો તેવી સંસ્થાઓ વર્ષોથી સામાન્ય લોકોને પણ પરવડે તેવી રીતે શિક્ષણના પ્રચાર પ્રસારનું કાર્ય કરે છે. દરબાર સાહેબની નિષ્ઠા તેમજ મનોબળ તેમના જીવનના મહત્વના અંગ રહેલા છે. યશસ્વી તથા ઉજ્વળ જીવન આ રાજવી દંપતીનું હતું તેની ઈતિહાસે નોંધ લીધી છે. ફરી એકવાર દરબાર સાહેબની પાવન સ્મૃતિને વંદન કરીએ. દર્શક દાદાએ પોતાના શબ્દોથી અલગ અંદાજમાં દરબાર સાહેબને બિરદાવ્યા છે.

દીઠા રાજા ઘણાં અમે
આપની હેડી નહિ જડે.
બીજાએ કાળ સેવ્યો,
આપે કાળ ઉથાપિયો.
કાળના કિંકર બીજા,
આપ તો કાળના પિતા !

# હું કોઈના પર લખતો નથી - માત્ર કાગળ પર લખું છું

ગાંધીનગરના ઊગતા લેખકો-કવિઓની આંગળી પકડી, સાહિત્યજગતમાં પા-પા પગલી પડાવી, હરણફાળ માટે પદાર્પણ કરાવનાર; દૈનિક 'ગાંધીનગર સમાચાર' ની કોલમ 'સુપ્રભાતમ્'ના માધ્યમથી શબદના સથવારે બોધકથાઓ અને સુવિચારોથી રસલ્હાણ સતત બે દાયકાથી અવિરતપણે પીરસનાર વરિષ્ઠ કોલમીસ્ટ - લેખક અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સુરેશભાઈ ભટ્ટના સર્જનાત્મકતાના સાતત્યનાં પોંખણાં કરતો, અભિવાદન અને સન્માન સમારોહ, 'ગાંધીનગર સમાચાર' અને ગાંધીનગર સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪ નવેમ્બર, ૨૦૧૬ના રોજ સેકટર-૧૭ની સ્ટાફ ટ્રેનિંગ કૉલેજના હોલમાં રંગેચંગે યોજાઈ ગયો.

'ગાંધીનગર સમાચાર'માં સતત અવિરતપણે પ્રસિદ્ધ થતી કોલમ 'સુપ્રભાતમ્' ને ૨૦ વર્ષ પૂર્ણ થતાં, કોલમીસ્ટ સુરેશભાઈ ભટ્ટના આ સાતત્ય સન્માન સમારોહની શરુઆત તેઓની લિખિત પ્રાર્થનાથી કરવામાં આવી. સમદર્શન આશ્રમ, સે-૧ સ્થિત પૂજ્ય ગુરુમા સમાનંદજીએ ખાસ ઉપસ્થિત રહી સર્જક અને કટારલેખક સુરેશભાઈ ભટ્ટનું પુષ્પહારથી સ્વાગત કરી, શાલ ઓઢાડીને સન્માન કર્યું. ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહાએ ફૂલહારથી પૂજ્ય ગુરુમા સમાનંદજીનું સ્વાગત કર્યું હતું. પૂજ્ય ગુરુમાએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવતાં કહ્યું હતું કે, શબ્દ એ શક્તિયુક્ત છે, શબ્દ એ એવું માધ્યમ છે કે જેનાથી વ્યક્તિની આંતરિક ચેતનાને જગાડી શકાય છે. શુદ્ધ આચાર અને પવિતત્રાથી શબ્દમાં બળ આવે છે. ગાંધીનગર સમાચારને પણ અભિનંદન પાઠવતાં જમાવ્યું હતું કે, ગાંધીનગરમાં સાહિત્યનું સન્માન કરી, સુવિચારોની લ્હાણ પીરસનાર એકમાત્ર દૈનિક પત્ર ગાંધીનગર સમાચારને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. પૂજ્ય ગુરુમાએ સુરેશભાઈ ભટ્ટને આશીર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે, તેમના પર મા સરસ્વતીજીની અસીમ કૃપા છે. તેમનું સાતત્ય અને નિરંતરતા ખરેખર ભિરદાવવાને પાત્ર છે.



'ગાંધીનગર સાહિત્યસભા'ના પ્રમુખ ભરત કવિએ સુરેશભાઈ ભટ્ટનો અભિનંદન આપતા, શાલ ઓઢાણી સન્માન કરતાં જણાવ્યું હતું કે, તેમના કોલમમાં સમાજજીવનની ઝાંખી કરાવી, ધર્મ, શિક્ષણ અને રાજકારણને આવરીને જીવન જીવવાનું ભાથું પૂરું પાડતી અસીમ સામગ્રીનો સમાવેશ થયેલ હોય છે અને તેથી જ પુસ્તક મેળાઓમાં તેમનાં પુસ્તકો વધુ વેચાય છે ને વંચાય છે. ગાંધીનગર સાહિત્યસભાના નટવર હેડાઉ , મૂળજીભાઈ પરમાર અને સંજય થોરાતે શાલ ઓઢાણી સન્માન કર્યું હતું.

ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ સુરેશ ભટ્ટને 'આખ્ખા બોલા' તરીકે બિરદાવતાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં તેમણે 'સુપ્રભાતમ્' કોલમમાં ૭૧૬૦ મુક્તકો, ૧૨૨૩૦ હાઈકુ, અગણિત સુવિચારો અને બોધકથાઓ લખીને 'ગાંધીનગર સમાચાર' અખબારની ત્રણ દાયકાની સફરમાં બે દાયકા સુપેરે સાચવી લીધા છે. તેમનું આ કાર્ય અખબારી આલમમાં સદાકાળ અમર રહેશે.

સુરેશભાઈ ભટ્ટે તેમની આગવી શૈલીમાં, જૈફવયે પણ અનોખી ધારદાર વાણીમાં તેમના 'ઓખ્ખા બોલાપણા'ની પ્રતીતિ કરાવતાં જણાવ્યું હતું કે, 'ખુલ્લી કટાર લઈને બેઠો છું, પછી ડર શાનો?' 'હું તો કોઈના પર લખતો નથી - માત્ર કાગળ પર લખું છું, જેને બંધબેસતી પાઘડી પહેરવી હોય તે પહેલી લે!' ૨૦ વર્ષથી જે લખાય છે તેનો આનંદ અનેરો છે જે પ્રત્યાઘાતો મળે છે તેનો પણ વિશેષ આનંદ છે.

આ સમારોહમાં નિવૃત્ત સનદી અધિકારીઓ વી.એસ. ગઢવી, પ્રવીણ ગઢવી, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, ગુડાના ચેરમેન આશિષ દવે, વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બૂચ, કોંગ્રેસ મહામંત્રી નિશિત વ્યાસ, નાગરિક બેંકને ચેરમેન હિમાંશુ પટેલ, વરિષ્ઠ સાહિત્યકારો દોલત ભટ્ટ, દલપત પઢિયાર, ભાનુપ્રસાદ પુરાણી, જીતેન્દ્ર કા. વ્યાસ, પ્રજ્ઞાબેન પટેલ, કિશોર જીકાદરા, શિવશંકર દવે, સાહિત્યસભાના ઉપપ્રમુખ નટવર હેડાઉ, મંત્રી મૂળજીભાઈ પરમાર અને સંજય થોરાત, કોષાધ્યક્ષ હરેશભાઈ ભટ્ટ, પ્રેમ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ નીતીન પટેલ સહિત અગ્રણી સાહિત્યકારો અને નગરશ્રેષ્ઠી નારણભાઈ પી. પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આભાદર્શન જાણીતા કોલમીસ્ટ ડૉ. જય ઓઝાએ કર્યું હતું. જયારે આ સમગ્ર સમારોહનું સુપેરે સંચાલન માહિતી ખાતાના અધિકારી અને સુરેશભાઈ ભટ્ટના સુપુત્ર હિરેન ભટ્ટે કર્યું હતું. આ કાર્યક્રમને અન્ય મહાનુભાવો દ્વારા પણ શાલ ઓઢાણીને તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી, સન્માનનો અહોભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સુરેશભાઈ ભટ્ટને ખૂબ ખૂબ અભિનંદન સહ અંતરની શુભેચ્છાઓ.




● તા. ૨૦-૧૧-૨૦૧૬ના રોજ, ગોવાના મડગાંવ ખાતે 'દક્ષિણાયન અભિવ્યક્તિ' સંસ્થા દ્વારા આયોજિત સર્વભાષાકીય રાષ્ટ્રીય સંમેલનમાં ગાંધીનગરના સર્જકોમાં દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને નિવૃત્ત સનદી અધિકારી, કવિ - પ્રવિણ ગઢવી તથા જાણીતા સાહિત્યકાર સાહિલ પરમાર પોતાની દલિત કવિતાઓનું પઠન કર્યું હતું. જે ગુજરાતી સાહિત્ય અને ગાંધીનગર માટે ગર્વની બાબત લેખાય.

● ભાષા સાહિત્યના લેખકો માટે તેઓના ગ્રંથ પ્રકાશન માટે એક નવા માધ્યમના સમાચાર છે. 'ધ ઑથર બોક્ષ' નામની ન્યૂ દિલ્હી ઓનલાઈન કંપની સો પ્રકાશન સેવાઓ ઉપલબ્ધ કરી આપતી એક અગ્રગણ્ય કંપની છે. જેના દ્વારા સ્વરુપ વ્યવસ્થા, ડિઝાઈન, સંપાદનથી માંડીને વેચાણ અને વિતરણ સુધીની સેવાઓ આપવામાં આવે છે. લેખકો તેના મારફત પોતાનું પ્રકાશન પ્લેટફોર્મ સર્જી શકે છે. વિશેષ વિગતો www.theautherbox.com પરથી મેળવી શકે છે.

● તા. ૨૨-૧૦-૨૦૧૬ના રોજ કુમાર ટ્રસ્ટ દ્વારા, રા.વિ. પાઠક તેમની ઉત્કૃષ્ટ રચનાઓ માટે અર્પણ કરવામાં આવ્યો. જેમાં પ્રફુલ્લ રાવલે સ્વાગત કર્યું હતું અને ચંદ્રક વિષેની માહિતી કુમારપાળ દેસાઈએ આપી હતી. હર્ષ બ્રહ્મભટ્ટના વ્યક્તિત્વ અને સર્જન વિશે કુમારના તંત્રી ધીરુભાઈ પરીખ, રાજેશ વ્યાસ અને હર્ષદ ત્રિવેદીએ વકતવ્યો આપ્યા હતા. સભાના અધ્યક્ષ હરિકૃષ્ણ પાઠકે ચંદ્રક અર્પણ કર્યો હતો. હર્ષ બ્રહ્મભટ્ટ પ્રતિભાવમાં ચંદ્રક મળ્યાનો આનંદ વ્યક્ત કરીને એમની ગઝલોનું પઠન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન જયંત ડાંગોદરાએ કર્યું હતું.

- muljibhaidadhi@gmail.com